Vol.3 Issue 2 2020-21

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy
The International Journal
ISSN 2581-4354

# નાઝિર દેખૈયાની ગઝલમાં સુફીવાદ : એક અધ્યયન

**Dr. Shabbirali G. Bhatt**
**Teacher**
**Madinatul ilm**
**Kishorgadh**

સુફીવાદ એ બંદા(ભક્ત)ની ખુદા(પ્રભુ) સુધી પહોચવાની યાત્રા છે. એટલે કે ફ્ના ફિલ્લાહ અલ્લાહમાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈ દેવું. જ્યારે બંદો એટલે સુધી પહોચે છે ત્યારે તે કતરામાંથી સમુદ્ર બની જાય છે તેથી તો સુફીવાદમાં કહેવાય છે કે – “કતરે કો સમંદર કર ડાલા” એજ વાત થોડી જુદી પદ્ધતિથી નાઝિર નીચેની પંક્તિમાં કહે છે.

“ભલે ને આમ તો 'નાઝિર!' અમે બિંદુ છઈએ,
ભળી જો જઈએ સમંદરમાં, સમંદર છઈએ.”

સૂફીસંત કબીરના દુહામાં છે કે-

“કબીરા મન નિર્મલ ભયા જૈસે ગંગા નીર
તોકે પીછે હરી ફિરે કહત કબીર કબીર.”

એટલે કે જ્યારે મન ગંગા જળની જેમ નિર્મળ થઈ જાય ત્યારે આપણે પ્રભુને શોધવાની જરૂર નથી પરંતુ પ્રભુ સ્વયં તમારી પાછળ આવશે. એટલે તો સુફીવાદમાં કહેવાય છે કે “દિલ સફા (સાફ) તો દેદાર (ખુદના દર્શન) કા નફા”

એજ અનુભવનો નીચોડ નાઝિર પોતાની વાણીમાં પ્રગટ કરે છે.

“'નઝિર!' પ્રભુને ત્યારે નહી ગોતવો પડે
જ્યારે કે માણસાઈથી સૌ ઘર ભર્યા હશે.”

કુરાન શરીફમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે મનુષ્યનું સર્જન કરવામાં આવ્યું ત્યારે સૌપ્રથમ આદમનું (પ્રથમ મનુષ્ય) પુતળું બનાવવામાં આવ્યું અને પછી તેમાં અલ્લાહે પોતાની રૂહ (આત્મા, પ્રાણ) ફૂકી અને ફરિશ્તાઓને મનુષ્ય આગળ જુકવાનો આદેશ આપ્યો હતો. દરેક ફરિશ્તો જુકી ગયો સિવાય શેતાન તે મનુષ્યને ન જુક્યો. આમ મનુષ્યની આટલી બધી મહાનતા છે કે તેને ફરિશ્તા પણ ઝુકે છે. તેથી તો સુફીવાદમાં કહેવાયું છે કે,

આદમ મેં જબ તક દમ (શ્વાસ) ન થા, તબ તક
આદમ ન થા.
આદમ મેં આકે દમ હુઆ, યે ખાક(માટી) સે આદમ
હુઆ.
યે ભેદ સારા દમ કા હે ઔર યે દમ ઉસી હમદમ કા
હે.

નઝિર કહે છે કે,

“કોણ કે' છે, નથી મુલ્ય 'નઝીર' તણું ?
જેને ઝૂક્યા ફરિશ્તા એ માનવ છું હું.”

એક અન્ય જગ્યાએ નઝિર કહે છે કે-

“કહાવો છો દયાળુ ને દયાની છાટ પણ ક્યાં છે?
આ ખાલી કૂપમાં ઝમઝમનું પણ હોવું જરૂરી છે.
જરૂરી છે અગર પુષ્પો મહી હોવું પરિમલ નું ;
ફરિશ્તા ઓ મહી આદમનું પણ હોવું જરૂરી છે.”

મનુષ્યની બુલંદી તો એટલી બધી છે કે સુફીવાદમાં કહેવાય છે કે-

"ઈબ્તેદા એ આદમી પૈગમ્બરી, ઈન્તેહા એ આદમી

હૈ દાવરી(ખુદા, અલ્લાહ)"

એટલે કે જેની શરૂઆત ખુદાનો પયગમ્બર (સંદેશા વાહક) અને તેનો અંત અલ્લાહ છે.

કવિ બેફામ કહે છે તેમ,

"બેફામ તોયે કેટલું થાકી જવું પડ્યું,

નહીતો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."

સુફીવાદમાં કહેવાયું છે કે -

"આગાહ અપની મોત સે કોઈ બશર નહી.

સામાન સો બરસ કા હૈ પલકી ખબર નહી."

એટલે કે કોઈ પણ બશર (માણસ) પોતાની મૃત્યુની ખબર નથી કે તેનુ મૃત્યુ કયારે આવશે. તેની પાસે સૌ વર્ષનો સામાન છે પરંતુ પળમાં પણ મૃત્યુ આવી શકે છે.તેવીજ વાત નાઝિર પોતાની ગઝલમાં કરે છે કે-

"આ જવાની, જિંદગાની ચાર દિન; ગમ, વ્યથા ને

શાદમાની ચાર દિન .

મોત ટાણે એકલો મૂકી જશે; છે બધી વાતો વફાની

ચાર દિન .

છેવટે તો એ દયા કરનાર છે; છો રહી દ્રષ્ટિ ખફાની

ચાર દિન,"

(તુલના કરો: આયા સો જાયેગા રાજા રંક ફકીર, કહી સિહાસન ચડ ચલે કહી બાંધ ઝંઝીર.)

સુફીવાદમાં કહેવાય છે કે –

"જિસ દમ ગાફિલ ઉસ દમ કાફિર"

એટલે કે જે શ્વાસે તું ખુદની યાદ ભૂલી ગયો તે સમયે કાફિર એટલે કે ગુનેગાર થઇ ગયો ખુદા આગળ અભિમાન કરનાર થઇ ગયો. આમ, જીવન શતરંજ સમાન છે જે ચાલમાં ચૂક થઇ તે ચાલે હારી ગયો. તે વાત નાઝિર કરે છે. તે જુઓ,

"જગત શતરંજ-બાજી છે, વિચારી ચાલજે

'નાઝીર!'

જરા ચુકયે જીતેલું હારમાં પલટાઈ જાયે છે."

સુફી સંતો કહે છે કે બંદગી (ઈબાદત, તપશ્ચર્યા) વગરનું જીવન શરમ જનક છે બંદગી વગર બંદા(ભક્ત) કહેવાના લાયક નથી. તે માણસ પશુ સમાન છે.

તુલના કરો : ભરતું હરી કહે છે કે-આહાર નિંદા ભય ભય તૃણમ, ચ પશુ પક્ષી ચ મનુષ્ય ઈવમ એટલે કે ખાવું, પીવું, સુવું, ભય અનુભવવો આ બધી બાબતો તો પશુઓમાં પણ જોવા મળે છે તો મનુષ્ય અલગ કઈ રીતે ?)

તેથી સૂફીઓ એ કહ્યું છે કે –

"બે બંદગી, જિંદગી, શરમીંદગી

બે બંદગી, બંદા હુઆ તો ક્યાં હુઆ."

એજ વાત નાઝિર કહે છે કે-

"મગરૂર થાય બંદગી જેના થકી આ વિશ્વમાં;

એવું નમાવ શીશ કે પાછુ ઉઠી શકે નહી."

સુફીવાદમાં મન્સુરનો કિસ્સો ખૂબ પ્રચલિત છે તેણે 'અનલહક' (હું ખુદા છું) હોવાનો દાવો કર્યો હતો અને તેને સુળીએ ચડાવી દેવામાં આવ્યો હતો. તેથી કહેવાયું છે કે-

"બડા લુત્ફ(મજા) હૈ યાર ઈશ્ક મેં, માર ભી હૈ ઓર

પ્યાર ભી,

સુલી પે મન્સુર ખડા હૈ, દાર(દર્દ) ભી હૈ ઓર

દીદાર(દર્શન) ભી,"

મન્સુરનો ઉલ્લેખ કરતા નાઝિર કહે છે કે -

"કરું છું જીદને પૂરી, હું મારો જીવ આપીને ;

નથી મન્સુર કિન્તુ મન્સૂરી દસ્તુર રાખું છું.

મરું છું તે છતાં પાછી કદી પાની નથી કરતો ;

જગતવાળાઓ જાણે છે જવન મગરૂર રાખું છું."

(તુલના કરો: કલાપી કહે છે કે-"મને ઘેલો કહી હજારો

નામ આપો છો, અમો મન્સુરના ચેલા ખુદાથી ખેલ કરનારા" )

ફનાફિલ્લાહ (ખુદા-પ્રભુમાં મળી જવું, ભળી જવું) એ સુફીવાદમાં એક ખુબજ મહત્વનો વિષય છે સુફીવાદમાં કહેવાયું છે કે 'માર ખુદી(અહી, અભિમાન) મિલે જ ખુદા' એટલે કે અભિમાન ને મારી નાખો તમને ખુદા મળી જશે. ખુદને પામવા માટે ખાક થવું પડશે એટલે કે રજકણ સમાન નાના ન બનીએ ત્યાં સુધી ખુદા મળશે નહી. તે વિશે નાઝિર કહે છે કે-

"જુઓ હું માંગણી મારા ગજાની લઈને આવ્યો છું;
તમન્ના તમ ચરણની રજ થવાની લઈને આવ્યો છું.

હું પાસા ફેકતો અવળા છતાયે સૌ પડે સવળા ;
હકીકતમાં ખુદાની મે'રબાની લઈને આવ્યો છું.

પછી શો ડર મને હોયે ફનાગીરી તણો જગમાં ;
જીવન સાથે મરણ જેવી નિશાની લઈને આવ્યો છું."

(તુલના કરો: મહાત્મા ગાંધીજી પોતાની આત્માકથા 'સત્યના પ્રયોગો'માં કહે છે કે- સત્યના શોધકે રજકણ કરતા પણ નાના થવું પડે. રજકણ આખીને પૂરી દુનિયા કચડે છે પરંતુ સત્યના શોધકે રજકણ સુધા કચડી શકે. જ્યાં સુધી આટલા નાના ન બનાય ત્યાર સુધી સત્યની ઝીખી પણ મેળવવી મુશ્કેલ છે. આનું નામ ફનાફિલ્લાહ)

સુફીવાદમાં ખુદા કે પ્રભુ બહાર નથી પરંતુ તે આપણા ભીતરમાં છે. કુરાનમાં અલ્લાહ કહે છે કે "અમે તારી ધોરી નસ કરતા પણ તારા વધારે નજીક છીએ." એક બીજી જગ્યાએ કહેવાયું છે કે –

'મોમિનનું દિલ અલ્લાહ તઆલાનું અર્શ છે. તે દિલ રૂપી કા'બામાં વાસ કરે છે.'

એવું જ કબીર પોતાની શાખીમાં કહે છે કે-

"મુજ કો કહા ઢુંઢે બંદે (ભક્ત)
મેતો તેરે ભીતર મેં,
ના મે મસ્જીદ, ના મેં મંદિર,
ના કા'બા, કૈલાસ મેં."

નાઝિર આવી જ વાત પોતાના કાવ્ય દ્વારા રજુ કરે છે. તે જોઈએ,

"લો આપના ચરણ મહી હરએક ધામ છે;
સાચું કહું તો ધામ શું, દુનિયા તમામ છે.
આવો પધારો દિલ તો તમારો મુકામ છે;
પ્યારું વધારે આપથી પરવરનું નામ છે."

નઝીરની ગઝલમાં સુફીવાદને લગતી પક્તિઓ,

ખુદાયા !આટલી તુજને વિનંતી છે આ 'નઝીર ' ની:
"રહે જેનાથી અણનમ શીશ મુજને એ નમન દેજે."

પછી મંદિર કે મસ્જીદ જે ગણું તે ઘર હશે મારું ;
કદમથી આપના મુજ દ્વાર તીરથ ધામ થઈ જાશે.

ખુદાનો પાડ માનો રહી ગયો છે આપનો પડદો ;
નહી તર આ જગત વાળા ન છોડે છે કફન જેવું.

ખુદા જાણે નહી તો હર્ષ ઘેલો શું કરી બેસત ?
ખરેખર અશ્રુએ નોખા પ્રકારે રંગ રાખ્યો છે.

ખુદની બંદગી 'નાઝીર!' અમોએ છોડીને;
બુતોની બંદગી કરી છે; ખુદા ખેર કરે.

વર્ણન નથી હું કરતો આદમના અવગુણોનું;
મારી જ જીભે મારી નિંદા કરી રહ્યો છું.

અંતમાં નાઝિરની ગઝલમાં સુફીવાદના અનેક દ્રષ્ટાંતો મળી આવે છે અને ઉપરના દ્રષ્ટાંતો દ્વારા આપણને સમજાય છે કે નઝિરની ગઝલો સુફીવાદથી પ્રભાવિત છે અને ગઝલો કેમ પ્રભાવિત ન હોય કારણ કે ગઝલનો વર્ણન વિષય ઈશ્કે હકીકી

(પ્રભુ પ્રેમ) અને ઈશ્કે મજાઝી (દુનિયાવી પ્રેમ) તો છે.

## સંદર્ભ ગ્રંથો


- ઠક્કર ડૉ. દશરથભાઈ પ્ર. 'ગુજરાતી સાહિત્યમાં સૂફીવાદ'
- દેખૈયા નાઝિર, 'નાઝિરની ગઝલો', સુમન બુક સેંટર, ૮૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદ ભવન બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ચોથી આવૃત્તિ : ૨૦૦૬
- દેખૈયા નાઝિર, સૂનાં સદન, સુમન બુક સેંટર, ૮૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદ ભવન બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૬
- દેખૈયા નાઝિર, નાઝિરની ગઝલો ભાગ-૨, સુમન બુક સેંટર,૮૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદ ભવન બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૭
- નાયક ડૉ. છોટુભાઈ રણછોડજી, સૂફીમત, ગુજરાત વિદ્યાસભા : પ્રેમાભાઈ હોલ, ભદ્ર, અમદાવાદ, બીજી આવૃત્તિ : ૨૦૦૯
- ઉપાધ્યાય ચન્દ્રકાન્ત, 'કહત કબીર',પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ- ૩૮૦૦૧, પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર,૨૦૦૭
- ' તઝકિરાત- ઉલ- ઔલિયા', મુસ્લિમ મહાત્માઓ, પ્રકાશન : સસ્તુ સાહિત્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ૧૯૪૨
- નાયક છોટુભાઈ,'ફારસી સાહિત્ય' જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી-૮, સાહિત્ય દર્શન, પ્રથમ આવૃત્તિ : ૧૯૭૧
- નીમાવત બી. એસ. , ' સૂફીવાદ' ( પરિચય પુસ્તિકા- ૧૨૩૨) , સંપાદક : સુરેશ દલાલ,પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ ૪૦૦૦૦૨, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦
- બક્ષી સી.સી.કર્નલ, 'આપણા સૂફીસંતો' પ્રકાશન : પ્રવિણ પ્રકાશન, રાજકોટ, આવૃત્તિ : ૧૯૯૬